ક્રમાંક:-મઉમશબ/સંશોધન/૨૦૨૩/૫૦૭૪-૫૧૧૦
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર તા.૩૦/૧૨/૨૦૨૩

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
વલસાડ.

વિષય:- ધો-૧૧માં પ્રવેશ સંદર્ભે ભારતના અન્ય બોર્ડમાંથી આવતા વિદ્યાર્થીઓએ 'પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર' મેળવવા બાબત.

સંદર્ભ :- (૧) આપનો પત્ર ક્રમાંક: રજી/૨૦૨૩૧૫૬૬૭, તા.૨૬/૧૨/૨૦૨૩.
(૨) વલસાડ જિલ્લાના વાલીઓ દ્વારા માનનીય રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રીશ્રીને સંબોધીને લખેલ અરજી.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ દર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, BOARD OF OPEN SCHOOLING & SKILL EDUCATION (BOSSE) ના OPEN સ્કુલના વિધાર્થીઓએ વલસાડ જિલ્લાની શાળાઓમાં પ્રવેશ લીધેલ હોઇ, તેમજ હાલ ધોરણ-૧૧ ના પ્રવેશ બાબતે વિસંગતતાના પ્રશ્ન ઉપસ્થિત થતા હોવાથી વિધાર્થીઓના ભવિષ્યને ધ્યાને લઇ વિધાર્થીઓને "પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર" આપવા અંગે યોગ્ય માર્ગદર્શન આપવા આપની કચેરી દ્વારા અત્રેની કચેરીને વિનંતી કરેલ હતી.

ઉક્ત બાબતે જણાવવાનું કે અત્રેની કચેરીના તા.૧૯/૦૫/૨૦૨૩ના "પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર" પરિપત્રમાં જણાવ્યા મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-1974ના વિનિયમ-12(9)(ક)માં સુધારા બાબતના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક મશબ/112022/93/છ તા.07/06/2022થી થયેલ સુધારેલ જોગવાઇ મુજબ ઑપન સ્કૂલ તરીકે સમગ્ર દેશમાં NIOSનું કાર્યક્ષેત્ર હોય, NIOS સિવાયના અન્ય રાજ્યના ઑપન બોર્ડના વિદ્યાર્થી તરીકે ગુજરાત રાજ્યમાં વસવાટ કરતા વિદ્યાર્થી અન્ય રાજ્યના ઑપન બોર્ડની ધોરણ-10ની પરીક્ષા ઉત્તિર્ણ કરે તો પણ તેને ધોરણ-11માં પ્રવેશ માટે યોગ્ય ગણાય નહી, કારણકે અન્ય રાજ્યના ઑપન બોર્ડનું કાર્યક્ષેત્ર સંબંધિત રાજ્ય માટે જ હોય છે. જેથી ઑપન બોર્ડમાં માત્ર NIOS ને જ માન્ય ગણવાનું રહેશે.

આ ઉપરાંત , ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની શૈક્ષણિક સમિતિની તા.૦૪/૧૧/૨૦૨૩ ના રોજ મળેલ બેઠકમાં ઠરાવ ક્રમાંક:૨૮/૨૦૨૩થી વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિતને ધ્યાને રાખીને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા " પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર" માટે માન્ય બોર્ડની યાદીમાંથી બોર્ડ ઓફ ઓપન સ્કુલીંગ એન્ડ સ્કીલ એજ્યુકેશન સિક્કિમ બોર્ડને રદ કરવા અંગે સર્વાનુમતે નિર્ણય કરવામાં આવેલ છે.જેથી OPEN બોર્ડમાં માત્ર NIOS ને જ માન્ય ગણવાનું રહેશે. જે આપશ્રીને વિદિત થાય.

સંયુક્ત સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

નકલ સવિનય રવાના:-
- માન.અધ્યક્ષશ્રી,ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.
- માન.સંયુક્ત નિયામકશ્રી,ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.
- માન.સચિવશ્રી,ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.

નકલ રવાના:-
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી(તમામ), જાણ તથા જરૂરી કાર્યવાહી સારું.